ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૨.૬ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૯ ટકા ● સાંજે ૮૧ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં રાખડી ભાઈને સમયસર મોકલવા પોસ્ટ-કુરીયરની ખાસ સેવા

રક્ષાબંધન પહેલા કુરિયર સર્વિસના વ્યવસાયમાં ભારે તેજી

ગાંધીનગર, તા.૧૯

ભાઈ-બહેનના પવિત્ર પ્રેમનું પ્રતિક એવા રક્ષાબંધનના તહેવાર પહેલા કુરિયર સર્વિસ અને પોસ્ટ સેવાના વ્યવસાયમાં ભારે તેજી જોવા મળી રહી છે. બહેનો દ્વારા બહારગામ રહેતા પોતાના ભાઈઓને સમયસર રાખડી પહોંચાડવા કુરિયર સર્વિસોની સેવાઓ લેવાનું પસંદ કરવામાં આવે છે. જેને કારણે કુરિયર સર્વિસ સેન્ટરોમાં છેલ્લા ૧૦ દિવસથી રાખડીઓ મોકલવા માટે બહેનોનો ધસારો જોવા મળી રહ્યો હતો. હવે રક્ષાબંધન પર્વને માત્ર બે જ દિવસ બાકી છે ત્યારે ગાંધીનગરના કુરિયર સેન્ટરોમાં રાખડીઓ મોકલવાની સમય મર્યાદા પૂર્ણ થઈ ગઈ છે.

દરેક બહેનને એવી ઈચ્છા હોય કે તે પ્રેમથી પોતાના ભાઈના હાથ પર રાખડી બાંધે પરંતુ ભાઈ એટલે બધે દૂર રહેતા હોય ત્યાં બહેન એક દિવસ માટે પહોંચી શકતી નથી તેથી પોતાનો પ્રેમ વ્યકત કરવા રાખડી ભાઈ સુધી મોકલે છે.

કુરિયર અને પોસ્ટના કામકાજ વચ્ચે જમીન આસમાનનો ફરક છે. પોસ્ટ વિભાગનું કામ ભારતભરના દરેકે દરેક ગામડાઓ સુધી ફેલાયેલું છે જે દરેક ગામડાઓ સુધી રાખડી પહોંચાડી શકે છે જયારે કુરિયર સર્વિસોનું કામકાજ માત્ર શહેરી વિસ્તારો સુધી જ છે. તેમાં પણ શહેરોનો પણ અમુક વિસ્તારોને બાદ કરતા અન્ય વિસ્તારોમાં કુરિયર સર્વિસો ડિલીવરી કરવા જતું નથી. ભારતભરના દરેક શહેર અને ગામમાં રાખડી કે કવર પહોંચાડવાની ક્ષમતા પોસ્ટ વિભાગ સિવાય બીજા કોઈ પણ પાસે નથી.

ગાંધીનગરમાં સેકટર-૧૧ સ્થિત અંજલિ કુરિયરમાં છેલ્લા ૧૦ દિવસમાં ૧૨૧૧ કુરિયર નોંધાયા હતા. જે ગયા વર્ષો કરતા વધારે સંખ્યામાં નોંધાયા છે. રાખડીઓના કુરિયરમાં ૩૦ ટકાનો વધારો નોંધાયો છે.

કુરિયર સર્વિસમાં ફાસ્ટ ડિલવરીના ૨૦૦ રૂપિયા, ગુજરાતમાં કુરિયર પહોંચાડવાના ૪૦ રૂપિયા, મુંબઈમાં કુરિયર પહોંચાડવાના ૫૦ રૂપિયા તથા વિદેશમાં કુરિયર પહોંચાડવાના ૭૦ રૂપિયા લેવામાં આવે છે.

કોરોના મહામારીને જોતા મોટાભાગની બહેનોએ કુરિયર-પોસ્ટ દ્વારા પોતાના ભાઈ સુધી રાખડી મોકલતા આ વર્ષે કુરિયર સર્વિસ વ્યવસાયમાં ભારે તેજી જોવા મળી રહી છે.

દેશના ખૂણે ખૂણે રાખડી પહોંચાડવા પોસ્ટ વિભાગનું વિશેષ આયોજન

રક્ષાબંધનના તહેવાર પર રાખડીઓના ધસારાને પહોંચી વળવા કુરિયર કંપનીઓની સાથે પોસ્ટ વિભાગ દ્વારા પણ સમયસર ડિલેવરી કરાવવા માટે અનેક વિશેષ તૈયારીઓ કરવામાં આવી છે. પોસ્ટ વિભાગ દ્વારા ૧૦ દિવસનો રાખી સપ્તાહ જોર કરવામાં આવે છે. જેમાં રાખડીના ખાસ કવરો પણ તૈયાર કરે છે. અને ૧૦ રૂપિયામાં આ કવરો વેચવામાં આવે છે આ કવરો એવા બનાવવામાં આવે છે કે વરસાદી પાણી પડે તો પલળે નહી અને રાખડીને નુકસાન પણ ના થાય. રાખડીની અલગ બેગો બનાવીને તેને શકય હોય તેટલી ઝડપથી રક્ષાબંધન પહેલા રાખડીની ડીલેવરી થઈ જાય તેવું આયોજન કરવામાં આવે છે. જેથી દરેકને તેનો ફાયદો થાય અને બહેનોની લાગણી ભાઈ સુધી પહોંચાડવામા સફળતા મળી રહે છે.

ટીપી-૯ના રહીશો થકી ચાલતા ટ્રસ્ટની સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના પ્રવેશદ્વારે આવેલ સરગાસણના ટીપી-૯ વિસ્તારમાં રહીશોએ ઉભુ કરેલ પ્રયાસ ચેરીટેબલ ટ્રસ્ટ સ્થાનિક સમસ્યાઓ, વૃક્ષારોપણ તેમજ અનેક સામાજીક પ્રવૃત્તિથી હાલ કાર્યરત છે. જેની વાર્સિક સાધારણ સભા ૧૫મી ઓગષ્ટના સ્વાતંત્ર્ય દિવસે ઉજવાઈ હતી. ટ્રસ્ટના પ્રમુખ જગદીશભાઈ, સેક્રેટરી હિંમતભાઈ પટેલ દ્વારા આ પ્રસંગે ટ્રસ્ટની કામગીરીનો વિસ્તારથી ચિતાર મોટી સંખ્યામાં હાજર સભ્યો સમક્ષ રજુ કર્યો હતો. ઉત્સાહી કાર્યકર સુમનભાઈ પટેલે સફળ સંચાલન કરી આ સભામાં ટીપી-૯ના બાળકો વચ્ચે પ્રદૂષણ અને ટ્રાફિક સમસ્યા વિસે પોસ્ટર સ્પર્ધા કરી હતી તેના વિજેતા બાળકોને ઈનામ વિતરણ કરાવી પ્રોત્સાહિત કર્યા હતા. ટીપી-૯ વિસ્તારની સુખ-સુવિધા અને સમસ્યાઓ માટે હરહંમેશ આ ટ્રસ્ટ પોતાના પ્રયાસો નિરંતર રાખશે તેવી ખાત્રી આ સભામાં અપાઈ હતી. હાજર સભ્યોએ પ્રયાસ ટ્રસ્ટની કામગીરીને આવકારીને અભિનંદન પાઠવ્યા હતા.

વોર્ડ નં. ૧, ૮ અને ૧૧ ના ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની નિમણૂંક

ગાંધીનગર, તા. ૧૯

ભારતીય જનતા પાર્ટી, ગાંધીનગર મહાનગરના અધ્યક્ષ ઋચિર ભટ્ટ તેમજ મહિલા મોરચાના પ્રદેશ અધ્યક્ષા શ્રીમતી ડૉ. દીપિકાબેન સરડવાના માર્ગદર્શન હેઠળ મહાનગરના વોર્ડ નં. ૧, ૮ અને ૧૧ના મહિલા મોરચાના હોદ્દેદારોની વરણી કરવામાં આવી છે.

વોર્ડ નં. ૧ ના પ્રમુખ તરીકે મધુબેન પરમાર, ઉપપ્રમુખ તરીકે પ્રવિણાબા ચાવડા, શર્મિષ્ઠાબેન દેસાઈ અને મહામંત્રી તરીકે ભાવનાબેન ઠાકોર, વોર્ડ નં. ૮ ના પ્રમુખ તરીકે મનિષાબેન પ્રજાપતિ, ઉપપ્રમખ તરીકે દક્ષાબેન જોષી, નેહાબેન પટેલ અને મહામંત્રી તરીકે જાગૃતિબેન ઉપાધ્યાય તથા વોર્ડ નં. ૧૧ મહિલા મોરચાના પ્રમુખ તરીકે ક્રિષ્નાબેન શાહ, ઉપપ્રમુખ તરીકે કિંજલબેન પટેલ, કિરણબેન પ્રજાપતિ તથા મહામંત્રી તરીકે હેતલબેન મકવાણાની નિમણુંક કરવામાં આવી છે.

સ્વામિનારાયણ પોલિટેકનિકમાં સ્પોર્ટસ વીકનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે સ્વામિનારાયણ પોલિટેકનિકમાં ઈન્ટર કલાસ સ્પોર્ટસ વીકનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેનું ઉદ્‌ઘાટન ધર્મેશ વંડરા (સંસ્થાના પ્રિન્સિપાલ) અને ભાવિક શાહ (એકેડમિક ડાયરેક્ટર) દ્વારા કરવામાં આવ્યુ હતુ. ઈન્ટર કોલેજ સ્પોર્ટસમાં બોક્સ ક્રિકેટ, બેડમિન્ટન, લાઈવ લુડો ગેમ, ચેસ, કેરમ, સંગીત ખુરશી, વન મિનિટ ફન ગેમ જેવી વિવિધ ઈન્ડોર અને આઉટડોર રમતો યોજાઈ હતી. જેમાં ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને વિજેતા વિદ્યાર્થીઓને મેડલ તથા સર્ટિફિકેટથી પ્રોત્સાહિત કરાયા હતા.

શહેરમાં વૃક્ષોનું નિકંદન અટકાવવા વસાહત મહામંડળની અપીલ

ગાંધીનગર, તા.૧૯

શહેરની વર્તમાન પરિસ્થિતિને જોતા સેકટર-૨૨, ૨૧ તથા અન્ય સેકટરોમાં જુના, મોટા, ફળાઉ વૃક્ષો કપાઈ રહ્યા છે અને રસ્તા પહોળા ચારમાર્ગી કરવાના વિકાસ કામના બહાના હેઠળ કટોતી થઈ રહી છે. સેકટરોના રીંગરોડ-ટ્રાફીકનો સર્વે કર્યા વગર ચારમાર્ગી કરવાનોવિકાસ લોકોને ગળે ઉતરતો નથી. આ કામમાં નાણાંનો દુર વ્યય અટકાવવા લોકલાગણીને ન્યાય આપવો જરુરી છે તેમ વસાહત મહામંડળ દ્વારા રજુઆત કરાઈ હતી. જેમાં વિકાસના નામે ઘણી યોજનાઓ જેવી કે સેકટર ફરતી દિવાલો બંધાય તેને કારણે દબાણોમાં વધારો થયો છે, ઝુંપડપટ્ટીને પ્રોત્સાહન મળશે, દબાણો વધશે, લોકો દીવાલો તોડી રસ્તા બનાવતા જોવા મળી રહ્યા છે. જેથી આવી યોજનાઓ માટે પુનઃ વિચારણા કરવા, લોકલાગણીને માન આપવા મહામંડળના અગ્રણીઓ અરૂણ બુચ, કિશોર જિકાદરા, મયુરભાઈ વ્યાસ, પ્રદિપ સોલંકી, ભાનુભાઈ દવે, બી.એ. શુકલ, દિનેશસિંહ ચાવડા, કશ્યપ મહેતા, શશીકાંત મોઢા સહિત એ સરકારને પુનઃ વિચારણા માટે વિનંતી કરી હતી અને આ કામો રોકાવવા માટે અપીલ કરી હતી.

એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં ઓનલાઈન સ્પર્ધા

૧૫મી ઓગસ્ટના પર્વ નિમિત્તે એમ.બી. પટેલ ગર્લ્સ પ્રાયમરી સ્કૂલમાં સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગ રૂપે દેશભકિત નૃત્ય સ્પર્ધાનું ઓનલાઈન આયોજન ભગવતીબેન પટેલ (સુપરવાઈઝર)ના માર્ગદર્શન હેઠળ શાળાના શિક્ષિકા બહેનો આશાબેન પ્રજાપતિ, પ્રવિણાબેન પટેલ દ્વારા કરાયું હતું. જેમાં ધો-૬ થી ૮ની વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. પ્રથમ નંબર ક્રિયા પ્રજાપતિ, દ્વિતીય નંબર યશ્વી પટેલ, તૃતીય નંબર નવ્યા ઉપાધ્યાયે મેળવ્યો હતો. શાળાના આચાર્ય નીરુબેન પટેલે તમામને અભિનંદન પાઠવ્યા હતા.



ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ.** રાઠોડ સદાભાઈ રામાભાઈ, ઉ.વ. ૮૭, વાવોલ
- **સ્વ.** પાલા હરિશચન્દ્ર નારણજી, ઉ.વ. ૫૬, સેકટર-૫
- **સ્વ.** વણકર રેવાભાઈ ખેમાભાઈ, ઉ.વ. ૭૮, સેકટર-૪

કોલવડા પાણીની ટાંકી પાસે બાજી માંડીને બેઠેલા ત્રણ શકુની ઝડપાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર જિલ્લા-શહેરમાં શ્રાવણીયા જુગારની મોસમ પુરબહારમાં ખીલી ઉઠી હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે પોલીસ પણ શકુનીઓ ઝડપી પાડવા માટે કમરકસી રહી છે. પેથાપુર પોલીસે કોલવડામાંથી ૩ શકુનીઓને પકડી પાડી રૂ.૭,૪૪૦ નો મુદ્દામાલ જપ્ત કરી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી વિગત મુજબ પેથાપુર પોલીસ મથકના જવાનો પેટ્રોલીંગમા હતા તે સમયે બાતમી મળી હતી કે કોલવડા ગામે કોસલોમાં પાણીની ટાંકી પાસે ખુલ્લા જગ્યામાં કેટલાક શખ્સો ગોળ કુંડાળુ વળીને જુગાર રમી રહ્યા છે. જેથી પોલીસે બાતમીવાળી જગ્યા પર જઈ રેઈડ પાડતા ગામના પગીવાસ ખાતે રહેતા ૩૫ વર્ષિય મુકેશ મંગાજી ઠાકોર, વેચાતજી મણાજી ઠાકોર (ઉં.૫૫), અને ચેહરાજી મોહનજી ઠાકોર ને પકડી પાડ્યા હતા. પોલીસને દાવ પરથી રોકડા રૂ. ૮૪૦ તેમજ અંગજડતી દરમિયાન રૂ.૬૬૦૦ મળી કુલ રૂ.૭૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

જૈન મંદિરે સંતિકરમ તપનું અનુષ્ઠાન - મહાપુજન યોજાયું

આજે ગાંધીનગરના સે.૨૨માં જૈન મંદિરે શ્રાવણ સુદ એકાદશીના દિવસે સંતિકરમ તપનું અનુષ્ઠાન - મહાપુજન યોજાયું હતુ. દેરાસર પ્રાંગણના શંખેશ્વર પાર્શ્વનાથજી જિનાલયમાં રંગમંડપમા સવારે ૯ કલાકે પ્રારંભ થયેલ આ મહાપુજનમાં ૧૨ વલયો માટે ચાર-ચારના ગ્રુપમાં તપસ્વીઓએ બેઠાં હતા. મહાપૂજનના મુખ્ય યંત્ર પાસે સમગ્ર પૂજન કરવા માટેના શાંતિ કળશ, આરતી મંગળ દિવાના ચડાવા અનુસાર લાભાર્થીઓએ સ્થાન આપવામાં આવ્યાં હતાં.

વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ માટે એનઆઈસીએમના બે એમઓયુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરના ચ-૦ સર્કલ નજીક સ્થિત એનઆઈસીએમ સંસ્થાના એમબીએ વિભાગના બે એમઓયુ કરવામાં આવ્યાં છે જે વિદ્યાર્થીઓના વ્યકિતત્વ વિકાસ થકી ભવિષ્યનાં ઉમદા બિઝનેસ પર્સન બનવા માટે ઉપયોગી નીવડશે.

એનઆઈસીએમ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં સંસ્થાના નવનિયુક્ત ડાયરેક્ટર પ્રો.ડૉ.હરિશ્ચંદ્રસિંહ રાઠોડે પ્રાસંગિક ઉદબોધનો બાદ બે એમઓયુ હાથ ધર્યા હતા. જેમાં એક ઈન્ડિયન સોસાયટી ટ્રેનીંગ એન્ડ ડેવલોપમેન્ટના અમદાવાદ ચેપ્ટર સાથે તથાં બીજું અમદાવાદના ડિપાર્ટમેન્ટ ઑફ પબ્લિક પોલિસી એન્ડ ગવર્નન્સ સાથે સાઈન કરવામાં આવ્યું હતું. બંને સંસ્થાનો દ્વારા ભવિષ્યમાં વ્યકિતત્વ વિકાસ, સ્ટુડન્ટ એક્સચેન્જ પ્રોગ્રામ, પર્સનાલિટી ડેવલોપમેન્ટ સેમિનાર વિગેરે વિગેરે અતિ મહત્વપૂર્ણ બાબતોને સાંકળતી વિવિધ વ્યાખ્યાન માળા હાથ ધરાશે તેવું પ્રાસંગિક તબક્કે નક્કી થયું છે જેને આવનાર ભવિષ્યમા મોટું સ્વરૂપ આપતાં બીજી અન્ય સેવાઓનો સુપેરે ઉમેરો વખતો વખત કરાતો રહેશે. અત્રે ઉલ્લેખનીય એ બાબત છે કે કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન બી.કે.સ્કુલ ઑફ મેનેજમેન્ટના એસોસિયેટ પ્રોફેસર ડૉ. નીલમ પંચાલ એસોસિએટ પ્રોફેસર હોવા સાથે આઈએસટીડી સંસ્થાનમા અમદાવાદ ચેપ્ટરના ચેરપર્સનની રુએ ફરજ બજાવી રહ્યાં છે. સમગ્ર કાર્યક્રમનું સુપેરે સંકલન કૉલેજનાં પ્રોફેસર ડૉ. તન્વી કોઠારીએ કર્યું હતું જેમાં સિનિયર પ્રોફેસર ડૉ.જીજ્ઞા ત્રિવેદીએ સરાહનીય ફાળો આપ્યો હતો. આ શુભ અવસરે સંસ્થાનાં તમામ કેડરનાં કર્મચારીગણ સાથો-સાથ વિદ્યાર્થીઓએ પણ ઉપસ્થિત રહી આવનાર નવી તકોનું ભાવભીનું સ્વાગત કરતાં એકબીજાને અભિનંદન પાઠવ્યા હતાં. આ એમઓયુ સાઈન થતાં એનઆઈસીએમ સંગે હવે કૉર્પોરેટ ક્ષેત્રે પોતાનું ભવિષ્ય જોતાં ગાંધીનગરના નવયુવાધનને એમબીએ કરવાની સાથો-સાથ બીજાં અન્ય વ્યકિતત્વ વિકાસના માધ્યમો નિઃશુલ્ક પ્રાપ્ય થશે અને ભવિષ્યનાં ઉમદા બિઝનેસ પર્સન બને તેવો મોકો પ્રાપ્ત થશે.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ઓનલાઈન પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

રક્ષાબંધન પર્વની ઉજવણી કરતા ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલના પ્રિ-પ્રાઈમરી વિભાગના બાળકો માટે ઓનલાઈન રાખડી બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ હતી. જેમાં બાળકોએ રંગબેરંગી રાખડી બનાવી ઉત્સાહભેર ઉજવણી કરી હતી.

આજના હિંડોળા

- સ્વામિનારાયણ મંદિર સે-૨૩ ખાતે 'કમનીય કલા કૌશલ્ય'ના હિંડોળા યોજાશે.
- શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે બગીચાના હિંડોળા યોજાશે.

લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિના દ્વારા વરસોડામાં આવેલ વૃંદાવન ધામ-ઘરડાઘરમાં સોલાર હીટરનું અનુદાન કરવામાં આવ્યુંહતું અને જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પણ આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં વૈશાલી જોષી (ફેમિના ક્લબના પ્રેસિડન્ટ), હરિશભાઈ ત્રિવેદી (કેબિનેટ સેક્રેટરી), ભારતીબેન (સિનિયર સીટીજનના ડાયરેક્ટર), મમતાબેન રાવલ (રિજીયન ચેરપર્સન) તથા ક્લબના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

જે.એમ. ચૌધરી વિદ્યાલયમાં ચિત્રસ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૧૯

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ. ચૌધરી પ્રાથમિક વિદ્યાલયમાં વિક્રમ સારાભાઈ જન્મ જયંતિ નિમિત્તે ગ્લોબલ વોર્મિંગની ચિત્રસ્પર્ધાનું આયોજન કરાયુ હતુ. જેમાં પ્રથમ નંબરે અર્પીતા દેસાઈ, દ્વિતીય નંબરે કૃપેશ ચૌધરી અને તૃતીય નંબરે ચાર્વી ધોળકીયાએ મેળવ્યો હતો તથા દેશભક્તિ ગીત સ્પર્ધાનું પણ આયોજન કરાયુ હતુ. જેમાં એ અને બી વિભાગમાં સ્પર્ધા યોજાઈ હતી. વિભાગ એ માંથી પ્રથમ નંબરે નિષ્ઠા વાણિયા પ્રથમ નંબરે, દ્વિતીય નંબર નવ્યા પરમારે મેળવ્યો હતો. જ્યારે બી વિભાગમાં ચાર્મી ચૌધરીએ પ્રથમ નંબર અને ક્રીમા દેસાઈ દ્વિતીય નંબર મેળવ્યો હતો.

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબનો શપથગ્રહણ વિધિ સમારોહ યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

ઈન્ડિયન લાયન્સ સ્વર્ણિમ ક્લબ દ્વારા પદનામિત પ્રેસિડેન્ટ ઈન્ડિયન લાયન્સ રાધેશ્યામભાઈ યાદવ તથા તેમની ટીમના શપથગ્રહણ વિધિ સમારોહનો કાર્યક્રમ યોજાયો હતો. જે મંગળવારે સાંજે ૬.૦૦ વાગે ગેઝીયા ઓડિટોરીયલ હોલ, સેક્ટર-૨૫માં યોજાયો હતો. આ સમારોહમાં હિતેશભાઈ પંડ્યા (ચીફ પેટ્રન), આશાબેન પંડ્યા (ઈમિજિયેટ પાસ્ટ નેશનલ ચેરપર્સન), વનરાજભાઈ ગરૈયા (નેશનલ વાઈસ ચેરમેન), અક્ષયભાઈ ઠક્કર (નેશનલ ચેરમેન), ધીમંતભાઈ શેઠ (નેશનલ કો. ચેરમેન), કુંપલબેન દવે (પાસ્ટ નેશનલ સેક્રેટરી) ઉપસ્થિત રહ્યા હતા. ક્લબના પ્રેસિડેન્ટ રાધેશ્યામભાઈ યાદવનું સ્વાગત જોરશોરથી, રાસ-ગરબા રમીને કરવામાં આવ્યું હતું અને નવા હોદ્દેદારો, મેમ્બરોએ પણ શપથ લીધા હતા.

જન્મદિને વધામણી

ડો. વિજયકુમાર ગઢવી
પ્રોફેસર, SSI ભાટ
મો. ૯૪૨૬૬ ૩૫૯૦૯

નંદા મહેશકુમાર રાણા
મો. ૮૩૨૦૮ ૪૯૬૬૨

વાસુ આર ત્રિવેદી
મો. ૯૦૯૯૦ ૭૫૧૯૨

પ્રિયંકા પરમાર

ઉત્તરા રાજેશકુમાર દુલેરા
મો. ૭૨૨૬૯ ૫૩૫૬૦



વેદાંત પુરોહિત

મહંમદઅર્શ તસ્લીમઆરીફ શેખ
મો. ૯૦૯૯૦ ૭૫૧૫૪

નિષિત દિપકભાઈ મુલાણી
મો. ૯૧૫૭૪ ૨૭૭૬૭

સાહિલ પરમાર
મો. ૭૨૨૭૮ ૯૫૧૪૯